સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

ભાડુતી મજૂરો દ્વારા એ નવા અવતારમાં છે,
ગરીબ અને નિર્દોષ નાગરિકો કતારમાં છે,
છે એ જ રફતારમાં, એમનો વસ્તાર છે મોટો -
બે નંબરી વ્યવહાર કરનારા ગદ્દારમાં છે.
(ઊંટે કાઢ્યા ઢેકા તો બેનંબરીઓએ શોધ્યા કાંઠલા)

હાઈકુ

હાથે ચાબૂક!
ભાષા છે ધમકીની -
થાય ભાવુક
(પચાસ દિવસ આપો!)

આરબીઆઈ!
કામ ના ટાણે પણ -
રહે 'રિઝર્વ'
(મશીનો રીપેરમાં છે)

ચિંતન

જબ લગી મરને સે ડરૈ, તબ લગી પ્રેમી નાહિ,
બડી દૂર હૈ પ્રેમઘર, સમજ લેહુ મન માંહિ.

જન્મ અને મરણ વચ્ચેનો સમયગાળો તેનું નામ જીવન. મરણનો કાયમ ડર રહે છે. તેથી જ સંતો કહે છે મૃત્યુનો ડર દૂર કરવાનો ઉપાય એક જ છે - તેનો સ્વિકાર કરો અને તેને મંગળ મંદિરનું દ્વાર માનો. વ્યાસમુનિ કહે છે કે, મૃત્યુ નિશ્ચિત છે. તેથી ધર્મનું પાલન કરો પણ આ વાત કોઈ સાંભળતું નથી. કબીર કહે છે અભય વિનાનો પ્રેમ કશા કામનો નથી. કબીર કહે છે કે, મૃત્યુ - જેને માનવી સૌથી મોટી આફત માને છે, સર્વનો અંત માને છે. તેમાંથી મુક્ત થાય, ભયવિહિન થાય તો જ સાચો પ્રેમ પ્રગટ થાય. આ કામ સહેલું નથી. પ્રેમના ઘરનું સરનામું વાંચીએ તો સમજાય કે તે ઘણું દૂર છે. પ્રેમ કંઈ તત્કાળ પ્રાપ્ત થાય તેવી લોટરી નથી. લાંબા માર્ગે સમજણ અને ધીરજપૂર્વક સાચી દિશામાં અનેક જોખમોથી સાવધ રહીને ડગ માંડીએ તો પ્રેમઘર સુધી અવશ્ય પહોંચી જવાય. ભય છોડીએ તો પ્રેમ સ્વરુપ ભગવાનના દર્શન થાય.

સુવિચાર

- આ સંસાર તો સાગર છે તેમાં માણસે સતત તરતા રહેવું જોઈએ અને જો ઊંડા પાણી હોય તો હાથપગ ચલાવતા રહેવું - **અખંડ આનંદ**
- અજ્ઞાનનું સુખ મને મંજૂર નથી માટે મને જ્ઞાનનું દુઃખ જોઈએ છે - **વોલ્તેર**
- માણસ ખરેખર પોતાના સુખનો વિચાર કરતો નથી પરંતુ તે તો બીજાના સુખોની નકલ જ કરે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- હીનપ્રવૃત્તિ કરવા કરતાં 'પ્રવૃત્તિહીન' રહેવું સારું છે - **પૂજ્ય મોટા**
- બધા જ ધર્મો માણસને એક વાત કહે છે કે પીડા તો પુષ્કળ છે પણ તેનું ઝેર ના ચઢે તે માટે કરૂણાનું અમૃત વહેતું રાખો - **જનકલ્યાણ**
- મને મોટેથી પ્રશંસા કરવાનું અને બદલો આપવાનું ગમે છે પણ દોષ તો ધીરેથી જ બતાવવાનું ગમે છે - **કેથેરાઈન**
- આજનું ઔષધ : ગાયના દૂધની મલાઈ નયણા કેવાથી આધાશીશીમાં રાહત થાય છે

(સંકલન : દિપક વી. આસરા)

બોધકથા

જીવનમાં, કે કોઈ પણ ક્ષેત્રમાં કોઈ પણ ઘટના કે પ્રસંગ બને ત્યારે લોકો પોતાની દૃષ્ટિ-વિચાર-માનસિકતા મુજબ તેનું અર્થઘટન કરે છે તેનાં મૂળ સુધી કે સત્ય સુધી તો કોઈક ભાગ્યે જ પહોંચે છે.

ઈટાલીમાં ખ્રિસ્તીઓ-યહુદીઓ વચ્ચે યુદ્ધ થયું. ધર્મગુરુ પોપે યહુદીઓને ઈટાલી છોડી જવા આદેશ આપ્યો. યહુદી ધર્મગુરુ રબાઈ મોઈસે ચર્ચાનો પ્રસ્તાવ મૂક્યો - જે પોપે સ્વીકાર્યો. કોઈ, કોઈની ભાષા જાણતા - સમજતા ન હતા. સંકેતથી ચર્ચાનો નિર્ણય થયો.

પોપે - ત્રણ આંગળી ઊંચી કરી - આકાશ તરફ હાથ ચીંધી - વાઈન બોટલ કાઢી.

રૂબાઈએ - એક આંગળી ઊંચી કરી - પૃથ્વી તરફ હાથ ચીંધી સફરજન કાઢ્યું. સૂલેહ થઈ ગયો. યહુદી રોકાઈ ગયા. પોતપોતાના સમાજે ધર્મગુરુને પૂછ્યું - ચર્ચાનો અર્થ અમને તો કહો.

પોપ વિદ્વાન હતા - એણે કહ્યું - ત્રણ આંગળી દ્વારા મેં તેને મિનિટો સિદ્ધાંત સમજાવી કહ્યું, અને ઈશ્વર અહીં જ છે, ઈશ્વર ભૂલોને માફ કરે છે. રૂબાઈ સમજવા ભાગવાના ત્રણ રસ્તા છે તેથી કહ્યું અમે અહીં રહેવા મક્કમ છીએ. અહીં જ રહેશું અને આ જમીનના ફળ ચાખશું. બંને ધર્મગુરુઓએ પોતાની સમજ મુજબ અર્થકાઢ્યા. ઘણીવાર ગોઠવાઈ જાય ઘણીવાર ગેરસમજ-ગોટાળા થાય.

માસ્ટરસ્ટ્રોક બુમરેંગ પણ થઈ શકે

દેશભરમાં નોટબંધીને કારણે સરજાયેલી અંધાધૂંધી અને અરાજકતા સામે કેન્દ્ર સરકાર ઝીંક ઝીલી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દર બે કલાકે પ્રવર્તમાન પરિસ્થિતિનો તાગ મેળવતા રહે છે. આવડા મોટા દેશમાં રાતોરાત નાણા બદલીનો નિર્ણય કેવો આકરો પડી શકે, એનો આગોતરો અણસાર આવ્યો હોત તો સરકારે સમાંતર વ્યવસ્થા તૈયાર કરી લીધા પછી જ આ નિર્ણય કર્યો હોત. જરા કાચું કપાઈ ગયાનો અહેસાસ તો ખુદ ભાજપના આગેવાનોને પણ થઈ ગયો છે. એથી ઉપરથી હાઈકમાંડનો આદેશ હોવા છતાં ભાજપના આગેવાનો લાઈનો લગાવી રહેલા લોકોનાં મોં મીઠાં કરાવવાની કે મોદીનો જયજયકાર કરાવવાની હિંમત દાખવી શક્યા નથી. રાદડિયા જેવા સહકારી અગ્રણીએ તો સહકારી બેંકોમાં નાણાં બદલી નકારતા સરકારી નિર્ણય સામે રીટ સુધ્ધાં ફટકારી દીધી છે. ભાજપના સમર્થક કિસાનસંઘ દ્વારા નાણાં બદલીના અભાવે બંધ પડી ગયેલ માર્કેટ યાર્ડો સત્વરે ચાલુ કરી દેવાની તાકીદ કરાઈ છે. ભાજપનો મુખ્ય સમર્થક વેપારી સમુદાય ત્રાહિમામ પોકારી ઊઠ્યો છે. એમને આ દિવાળી અપશુકનિયાળ નીવડી છે. લાભપાંચમે કરેલાં મુહૂર્ત પછી તરત જ વેપારધંધાને આવડો મોટો ફટકો કદાચ પહેલી જ વાર પડ્યો છે અને તે પણ કોઈ સામ્યવાદી કે ડાબેરી વિચારધારાવાળી સરકારે નથી માર્યો, પણ જેને બહુ મોટી આશાઓ અને અપેક્ષાઓ સાથે ચૂંટી કાઢેલા તેવા લોકલાડીયા મોદીએ માર્યો છે. આ પગલું દેખીતી રીતે ચૂંટણીલક્ષી છે, તેવું તો બધા જ સમજી ચૂક્યા છે, પરંતુ કોઈ રાજકીય પાર્ટી એનો વિરોધ કરવા મેદાનમાં ઊતરી શકે એમ નથી, કારણ કે એથી ભ્રષ્ટાચારી હોવાનું લેબલ લાગી શકે એમ છે. એ દૃષ્ટિએ જોતાં મોદીએ 'માસ્ટર સ્ટ્રોક' ફટકાર્યો છે, પણ એ ચૂંટણી વખતે બૂંમરેંગ પણ થઈ શકે છે. કારણ કે મોદી એમની ગરીબલક્ષી નીતિનું ગમે તેટલું ડિમ ડિમ વગાડે તો પણ ભાજપ મૂડીવાદી જમણેરી અર્થનીતિ ધરાવતી પાર્ટી હોવા વિશે ભાગ્યે જ કોઈના મનમાં શંકા હશે. ભાજપના સૌથી જૂના સહયોગી રાજકીય પરિબળ શિવસેનાએ મોદીના આ પગલાને કડક શબ્દોમાં વખોડી કાઢ્યું છે. ઉદ્ધવ ઠાકરેએ 'સામના'માં લખ્યું છે તે સૂચક છે. જે લોકોએ મોદીને ઉમળકાપૂર્વક ખોબલે વોટ આપી દિલ્હી પહોંચાડ્યા એ જ લોકોને ભૂખ્યા તરસ્યા રસ્તે રઝળતા કરી દેવાના ઉદ્ધવ ઠાકરેના આક્ષેપમાં તથ્ય તો છે જ. મોદી હજી આશાવાદી છે, તેઓ એમ માને છે કે આવનારા થોડાક જ દિવસોમાં બધું થાળે પડી જશે અને એમની છાપ કાળાં નાણાં ધરાવતા માલેતુજારોને ઠેકાણે પાડનાર 'હીરો' તરીકેની ઊપસશે. પોતે ચાવાળા છે, એની તેઓએ ફરી એક વાર યાદ અપાવીને નહેરુ જયંતીના જ

તંત્રીસ્થાનેથી...

દિવસે પોતાની કડક ચા ગરીબોને ખૂબ માફક આવશે, એવો આશાવાદ વ્યક્ત કર્યો છે. નહેરુ-ગાંધી પરિવાર સહિત તમામ વિરોધીઓને તેઓ ભ્રષ્ટાચારી અને કાળાં નાણાંવાળા ગણાવે છે. સમય જ કહેશે કે એમની રજૂઆત લોકો કેટલે અંશે સ્વીકારે છે.

આ ટૂકડાને સાંધીને પાથરણું બનાવી લઈશ

હમણાં થોડા સમય પહેલાંની જ વાત છે. કચ્છની હમીરસિંહજી કૉલેજમાં ભૂજમાં બે દિવસના રાષ્ટ્રીય સેમિનારનું સમાપન થઈ ચૂક્યું હતું. હું તેમાં વિશેષ વ્યાખ્યાતા તરીકે ભાગ લેવા આવ્યો હતો. તે પછીના આગળના કાર્યક્રમ માટે મારે ગાંધીધામ જવાનું હતું. પરંતુ કૉલેજના પ્રિન્સિપાલે એમ કહીને આગ્રહપૂર્વક રોકી લીધો કે કચ્છી સંસ્કૃતિ અને કલાને માણયા વિના જવાય નહીં. ભલે આ સૂકો રણ પ્રદેશ કહેવાતો હોય પણ અહીંના પ્રાકૃતિક સૌંદર્યનો આનંદ અનેરો છે. મારા ખુબ જ વ્યસ્ત કાર્યક્રમ છતાં મને તેમનો પ્રસ્તાવ સારો લાગ્યો, એટલે મેં હા પાડી દીધી. આ જાણને કાર્યક્રમના સંયોજક, ડૉ. નિમેષ શુક્લએ પ્રિન્સિપાલના ઑફીસની બહાર ખુલ્લામાં ખુરશી મુકાવી મને ત્યાં બેસાડી દીધો.

તે દરમિયાન કૉલેજ સ્ટાફના ત્રણ ચોથાવર્ગના કર્મચારી બીડી ફૂંકતા દેખાયા. ત્રણે આપસમાં વાતો કરતાં હતા ત્યાં અંદરથી બેલ વાગ્યો. એટલે લાખો પ્રિન્સિપાલની ઑફિસની બહારની દિવાલ પર લખેલ 'નો સ્મોકિંગ'ના સ્લોગનના નીચેના ભાગે સળગતી બીડી ઘસીને બચેલા ટૂકડાને પેન્ટના ખિસ્સામાં નાંખતાં અંદર ગયો. થોડીવારમાં તે કંતાનના કોથડાનું પોટલું લઈ બહાર આવ્યો. કોથળામાંથી ખાલી કાર્ટૂન જુદા જુદા મુકી સંકેલી તેના બંડલ બનાવવા માંડ્યા. ત્યારે દેવકરણ ઉત્સુકતાથી પૂછ્યું. 'લાખો આ શું કરે છે?'

જે કરું છું તે તું જુએ છે? બકા તેં તો પ્રિન્સિપાલ સાથે મેળ કરી પ્રોગ્રામનો ઓવરટાઈમ પડાવી લીધો છે. પણ મને તો ચ્હા નાસ્તા સિવાય કંઈ મળ્યું નથી. બારેમાસ ઘરના રોટલા ખાઉં છું.

'છતાં તારી બીડીની આદત છૂટતી નથી.' પુંજાએ જાણે કે તેના હોઠની વાત છીનવી લીધી. 'હાં, મોકો મળ્યો છે તો મારી આગલી પાછલી જિંદગીનું ભાવિ બતાવી દે, તે વગર તને ખાવાનું નહીં પચે.' અચાનક લાખાની ચોરનજર મારા પર પડી. તેને સંકોચ થયો. હું પણ તેમનું આ નાટક જોઈ ઊભો થઈ ગયો.

'અરે, સર કયાં જાવ છો? તમે તો અમારા મહેમાન છો. મજેથી બેસો. આ તો અમારા ત્રણેનો રોજનો તમાશો છે. અમે કંઈ ઝગડતા નથી. બસ ગમે તેમ કરીને ટાઈમ પાસ કરીએ છીએ.' 'અરે, સર કયાં જાવ છો? તમે તો અમારા મહેમાન છો. મજેથી બેસો. આ તો અમારા ત્રણેનો રોજનો તમાશો છે. અમે કંઈ ઝગડતા નથી. બસ ગમે તેમ કરીને ટાઈમ પાસ કરીએ છીએ.'

દેવકરણે તેના ખભે હાથ મૂકીને કહ્યું, 'લાખા તે પુંજાને અમસ્તો છોડી દીધો. સર, ને પેલી વાત કરને?'

મારી તરફ જોઈ લાખાએ જાણે પોતાની મંડળીમાં મને પણ સામેલ કરી લીધો હતો.

'સર, સાંભળો. પુંજો બે દિવસ પેટ ભરીને લંચમાં મીઠાઈ બરાબર ઉડાવતો રહ્યો છે. નહીંતર રોજ સંમુની બારીએ જઈ બે દાબેલી ખાય છે અને તેને ટીકી ટીકીને જોયા કરે છે. હવે છેલ્લા બે દિવસથી તેને યાદ કરે છે.'

એ સાંભળીને મને પણ આનંદ થયો કે સૃષ્ટિ પરના દરેક જીવો બેઝિકલી સૌંદર્યપ્રેમી હોય છે. લાખાને ગંભીર મુખમુદ્રામાં જોઈ દેવકરણે મૌન તોંડ્યું.

નવાં કલેવર
નટવર હેડાઉ

'સર, રીયલ લાઈફમાં સંતુ જેવી કોઈ સ્ત્રી છે જ નહીં. દસ વર્ષ પહેલાં પુંજાની પત્ની કેન્સરમાં મરી ગઈ. તેથી હવે કલ્પિત સ્ત્રીનું નામ લઈ અને તેને ચીડાવીએ છીએ. તે પણ થોડીવાર રાજી થઈ જાય છે.'

વાતાવરણને ગંભીર થતું જોઈ પુંજો વચ્ચે બોલી પડ્યો.

સાહેબ, ખરી વાત તો એ છે કે છેલ્લા દસ વરસથી આ બંને મારા માટે રેગ્યુલરલી ટીફીન લાવે છે. અમે ત્રણે મળી મોજ કરીએ છીએ.

આ જીવંત ક્ષણો વચ્ચે લાખાએ પોતાનું પાકીટ કાઢ્યું. તેમાં એક ખાનામાં સાચવીને રાખેલી બ્લેડ કાઢી પછી ખૂબ જ દક્ષતાપૂર્વક સિલાઈ કરેલ દોરાને ધ્યાન પૂર્વક કાઢ્યા. અને કોથળાના ટૂકડાને સરખા કરી બિછાવ્યા. મારા ચહેરા પરના પ્રશ્નાર્થનો ભાવ જોઈ તે બોલ્યો.

સર, હમીરસર તળાવની બાજુમાં કાચું ઝૂપડું છે. હું બારેમાસ ત્યાં જમીન પર સૂવું છું. હવે આ ટૂકડાને સાંધીને પાથરણું બનાવી લઈશ. અને મજેથી સુઈશ.'

ઉલ્લાસપૂર્વક બધી ચીજોને ભેગી કરી તે ઘર તરફ ચાલી નીકળ્યો, જયારે હું ટી.એ./ડી.એ.ની વાસ્તવિક રકમ કરતાં વધુ મળી મળ્યું હોવા છતાં લાખા જેટલો સંતુષ્ટ ન હતો.

જસ્ટ ફ્રેન્ડશીપ, પ્લેટૉનિક લવ ઍન્ડ અય દિલ હૈ મુશ્કિલ

લવબર્ડમાંથી ડિવૉર્સી બનેલી હૉલિવૂડની એક્ટ્રેસ ઍન્જેલિના જૉલીએ કહ્યું છે કે "જો તમે એકતરફી પ્રેમ કરો છો, તો એમાં તમને નિષ્ફળતાનો ભય રહેતો જ નથી. તમારે બીજા પાત્રની પણ જરુર રહેતી નથી. તમે એકતરફી ચાહત રાખો છો, એટલે સામેના પાત્ર તરફ તમારે કોઈ આશા-અપેક્ષા પણ રાખવી પડતી નથી અને તમારી પ્રિય વ્યક્તિ તમને હર્ટ કરશે કે તમને છોડી દેશે એવો ડર પણ રાખવો પડતો નથી."

આજની છોકરી એની સાથે હળી-મળી ગયેલા છોકરાને એમ કહેતી હોય છે કે "વી આર ઑન્લી ફ્રેન્ડ... હમ્..."

છોકરો જ્યારે કહે છે કે "પણ, હું તો તને પ્રેમ કરું છું, એનું શું?"

ત્યારે છોકરી ડિપ્લૉમેટિક આન્સર આપે છે: "આઈ લવ યુ ટુ... બટ વી આર ઑન્લી ફ્રેન્ડ..."

છોકરો બિચારો કન્ફ્યુસ થઈને મરવા પડે કે "આ સાલુ સમજાયું નહીં, લવ યુ પણ ખરું અને ઑન્લી ફ્રેન્ડ?"

હિન્દી ફિલ્મ "અય દિલ હૈ મુશ્કિલ"નો ભોળો, નાદાન અને નાસમજ હીરો એક યુવતીને મનોમન ચાહવા લાગે છે અને તેની નજીક જાય છે. યુવતીને તેની કંપની ગમે છે. તેની સાથે વાતો કરવી ગમે છે પરંતુ યુવતીનો રિસ્પૉન્સ એ છે કે "પ્યાર? ઔર તુમ સે? કભી નહીં. મૈને કભી તુમ્હે ઐસી નિગાહ સે તો દેખા હી નહીં. ડૉન્ટ બી સિલી. વી આર જસ્ટ ઑન્લી ફ્રેન્ડ. બાકી કુછ નહીં." કેમ કે યુવતી વળી બીજા કોઈ યુવાનને પ્રેમ કરતી હોય છે પરંતુ પેલો યુવાન વળી આ યુવતીની કેટલી કેર ઍન્ડ રિસ્પેક્ટ કરે છે, એ પણ એક સવાલ છે.

આ ફિલ્મનો હીરો વળી બીજી એક યુવતીને મળે છે અને દિલ ધક-ધક કરે છે. બીજી યુવતી પ્રેમ પામવા માટે સરન્ડર થઈ જાય છે પણ હીરોનું મન માનતું નથી. હીરો પહેલી યુવતીનો પ્રેમ પામવા સરન્ડર થઈ જાય છે પરંતુ પહેલી યુવતી બધું કરે છે પણ પ્રેમ તો બીજા કોઈકને કરે છે. આ છે કન્ફ્યુઝ્ડ લવસ્ટૉરી. એકવીસમી સદીની આ રિયાલિટી છે. જેને જે જોઈએ છે તે મળતું નથી અને જેને જે મળે છે તેનાથી તેને સંતોષ હોતો નથી. કન્ફ્યુઝનનું ચક્કર ચાલ્યા જ કરે છે.

જસ્ટ ફ્રેન્ડશીપ, પ્લેટૉનિક લવ ઍન્ડ "અય દિલ હૈ મુશ્કિલ". શું કોઈ સ્ત્રી-પુરુષ વચ્ચે પ્લેટૉનિક લવ યાને વાસનારહિત પ્રેમ હોઈ શકે? શું કોઈ સ્ત્રી-પુરુષ વચ્ચે પ્લેટૉનિક ફ્રેન્ડશીપ યાને વાસનારહિત દોસ્તી હોઈ શકે? જ્યારે કોઈ સ્ત્રી અને કોઈ પુરુષ વચ્ચે માત્ર ફ્રેન્ડશીપ જ હોય તો પણ તેમની દોસ્તી શંકાના પરીઘમાં આવી જાય છે. બહુ કૉમ્પ્લિકેટેડ સવાલ છે કે શું સ્ત્રી-પુરુષ સારા દોસ્ત ના હોઈ શકે? જો હોય તો દુનિયા તેમને અલગ નજરથી જુએ છે અને એમ ના બને એ માટે તેમને "ઘરમના ભાઈ-બહેન" પણ બની જવું પડે છે.

દુનિયાભરમાં કોઈ વૈજ્ઞાનિકો શોધી શક્યા નથી કે "છોકરીને શું જોઈતું હોય છે?" આજ સુધી કોઈ પુરુષને ખબર નથી કે "સ્ત્રી શું ઈચ્છે છે, ઝંખે છે?" આ વાત જ એક મિસ્ટ્રી છે.

દરેક સ્ત્રીને કાળજી લેનાર પુરુષ ગમે છે અને હર્ટ કરનાર પુરુષ ગમતો નથી. સ્ત્રીને વિલન જેવો પુરુષ પણ ગમે છે કે જેને એ પ્રેમ કરીને હીરો બનાવી શકે છે. સ્ત્રીનું મન અનપ્રિડિક્ટેબલ છે. એને ગુણ વિનાનો પુરુષ પણ ગમે છે કે જેને એ ગુણવાન બનાવવાની ચેલેન્જ રાખે છે. એને કમ્પેનિયન ગમે છે, જે એને દરેક વાતમાં કંપની આપે. સ્ત્રીને સિનેમા જોવામાં સાથ આપે, એને શૉપિંગ કરવાની બૉરિયતમાં સાથ આપે, એની સિલી-ટૉકમાં પણ હોંકારો આપે એવો પુરુષ ગમતો હોય છે.

દરેક સ્ત્રીને પોતાની વાત માની જનારો પુરુષ ગમે છે પરંતુ પોતાની સામે આર્ગ્યુમેન્ટ કરનારો પુરુષ ગમતો નથી. સ્ત્રીને ખભો આપનાર પુરુષ ગમે છે, જેના ખભે માથું મૂકીને તે મન હળવું કરીને રડી શકે અને પોતાનું દુઃખ પણ કહી શકે. દરેક સ્ત્રીને એવો પુરુષ ગમે છે કે જે પોતાને સ્વતંત્રતા આપે, સ્પેસ આપે. પોતાની નિજી જિંદગીમાં કોઈ દખલબાજી કરે એવો પુરુષ સ્ત્રીને ગમતો નથી. આજની સ્ત્રીનું સ્લૉગન છે: "માય લાઈફ, માય ચૉઈસ." સ્ત્રીના આ સ્લૉગનને રિસ્પેક્ટ આપનાર પુરુષ દરેક સ્ત્રીને ગમે છે.

એક સ્ટડી રિપોર્ટ અનુસાર પુરુષો વિજાતિય દોસ્તીને સેક્સ્યુઅલ ઈન્ટરેસ્ટ સમજે છે, તો સ્ત્રીઓ સેક્સ્યુઅલ ઈન્ટરેસ્ટને દોસ્તી સમજે છે. આ પણ એક કન્ફ્યુઝન જ છે. સ્ત્રી-પુરુષ ફ્રેન્ડશીપમાં સ્ત્રી પોતાના દોસ્ત પાસે લાઈફમાં દરેક પ્રકારના સપૉર્ટની આશા રાખતી હોય છે. જ્યારે પુરુષ પોતે આપેલા સપૉર્ટ સામે કંઈક બદલાની આશા રાખતો હોય છે. સાચી દોસ્તીમાં તો સ્ત્રી નિર્દોષ છે. તે તો પુરુષનો ડેઈલી લાઈફમાં અને પોતાની કરિઅરમાં સપૉર્ટ ઈચ્છતી હોય અને મેળવતી હોય છે.

ગુલમહોર
દિનેશ દેસાઈ

પુરુષ ગેરસમજ અને કન્ફ્યુઝનથી ઘેરાયેલો રહે છે. જો સ્ત્રી દોસ્ત સેક્સ ડિઝાયર પુરી ના કરે તો નિરાશ થઈ જાય છે. એમાં સ્ત્રી દોસ્તનો શું વાંક? સ્ત્રી-પુરુષ દોસ્ત ભલે હોય, પરંતુ બેઉ બાયોલૉજિકલ જુદા છે. બેઉને એકબીજા માટે આકર્ષણ હોય એ સમજી શકાય છે. આવું આકર્ષણ જ તેમની વચ્ચે ફ્રેન્ડશીપ કરાવે છે. જો બેઉ વ્યક્તિ પોતપોતાની ફિલિંગ્સ્ માટે ઑનેસ્ટ હોય તો આવા સંબંધમાં કોઈ પ્રૉબ્લેમ આવતો નથી.

સ્ત્રી-પુરુષ વચ્ચે આકર્ષણ એ કોઈ સ્વિચ નથી કે જેને ચાહો ત્યારે ઑન અને ઑફ કરી શકાય. સ્ત્રી-પુરુષ દોસ્ત બને ત્યારે એવું પણ બને કે એક વ્યક્તિને બીજી વ્યક્તિ માટે આકર્ષણ હોય પરંતુ બીજી વ્યક્તિને પહેલી વ્યક્તિ માટે આકર્ષણ ના પણ હોય. આવી દોસ્તીમાં બેમાંથી કોઈ એક વ્યક્તિને સ્પેશિયલ ફિલિંગ્સ્ હોય એવું બને. જો બે વ્યક્તિને સરખી ફિલિંગ્સ્ હોય તો સારી વાત છે. પરંતુ કોઈ એક જ પાત્રને સ્પેશિયલ ફિલિંગ્સ્ હોય ત્યારે તેની લાગણીને ડાઈવર્ટ કરવી બીજા પાત્ર માટે અઘરું કામ બની જાય છે.

જ્યારે સ્ત્રી-પુરુષ વચ્ચે ફ્રેન્ડશીપ હોય અને એ દોસ્તી ટકાવી રાખવી હોય તો બેમાંથી કોઈએ પણ સેક્સ ડિઝાયર દોસ્તીની વચ્ચે લાવવી જોઈએ નહીં. બેઉએ પોતાની ઈમૉશન્સ્ કન્ટ્રૉલ કરવી જોઈએ. જો આમ બને તો દોસ્તીનો અંત આવે છે અને પ્રિય મિત્રને ગુમાવવાનો વારો આવે છે. જો કે એવું પણ બને કે બે દોસ્ત વચ્ચે પ્રેમ ભલે ના હોય પરંતુ જો બે દોસ્તની સેક્સની જરુરીયાત માટે અન્ડરસ્ટેન્ડિંગ હોય તો આવા સંબંધને કોઈ વાંધો આવતો નથી, કેમ કે બે વ્યક્તિ વચ્ચે પૂરેપૂરી સમજ અને પરિપક્વતા પણ હોય છે.

આમ તો સ્ત્રી-પુરુષ રિલેશન કાયમ સસ્પેક્ટ એન્ડ કૉમ્પ્લિકેટેડ જ રહે છે. આવી રિલેશનશીપ સમજવી, ટકાવવી, મેનેજ કરવી અશક્ય નહીં પણ અઘરી વાત તો છે જ. મેચ્યૉરિટી બેઉ તરફ હોય તો આ રિલેશનશીપમાં કોઈ દરાર પડતી નથી.

જસ્ટ ટ્વિટ:

"તું ગઝલના ફૂલની સુગંધ લખજે,
વાત દિલની તું બધી અકબંધ લખજે,
કોઈ પૂછે મ્હેકનું કારણ તને તો,
આપણો મઘમઘ થતો સંબંધ લખજે."

- અરવિંદ પંડયા

ચાયવાલા - તરકારીવાલી...!! કયારે? કોની? લોટરી લાગી જાય, કહેવાય નહીં...!!

આ ચાવાળાએ તો તરખાટ મચાવ્યો છે, રાતોરાત લોકો એના દીવાના થયા છે. એની સ્ટાઈલ, અદા, મોહક વ્યક્તિત્વ... આ... હા... હા... ફેસબુક પર તો આની કેટલીય તસવીર સાથેની કોમેન્ટ ચર્ચાનો વિષય બને છે... અરે, હા તમે નરેન્દ્ર મોદી તો નથી સમજતાને? હું તો એક પાકિસ્તાની ચાયવાળાની વાત કરું છું. સાલું જયારથી આ બાપુએ સર્જિકલ સ્ટ્રાઈક કરી ૫૦૦-૧૦૦૦ની નોટોની વાટ લગાવી ત્યારથી ચાયવાળાનું નામ પડે નમો મહારાજ નજર સમક્ષ આવી જાય.



તમેય કંટાળ્યા હશો નોટોની બબાલથી, લાઈનમાં ઊભા રહીને કે નોટોને ઠેકાણે પાડવાથી, તો ચાલો ઔર એક ચાયવાળાની વાત જરા ચેન્જ મળી જશે. કહેવાય છે કે ઉપરવાળા જબ દેતા હૈ તો છપ્પર ફાડ કે દેતા હૈ એવું જ બન્યું છે. આ પાકિસ્તાની ચાયવાળા અર્શદખાન સાથે. ખૂણા પરની ચાયની કિટકીના કપ ધોતો આ બરખુરદાર રાતોરાત સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. એની એ ઍક્વામેરીન એટલે કે નીલી-નીલી નાની આંખો જોઈને ભલભલી યુવતીઓ ગાવા લાગી છે કે 'એ આંખે દેખકર હમ સારી દુનિયા ભૂલ જાતે હૈ...'

કેટલીય બ્યુટીફૂલ ગર્લ્સે આ ભાઈનો ફોટો ફેસબુક પર શેર કર્યો છે. એને જોઈને અવનવી કવિતાઓ લખાઈ છે. કોઈકે શેરો-શાયરી લખી છે, તો કોઈક દર્દ ભરી શાયરી સામે એની પર જાન કુર્બાન કરી રહી છે.આ નીલી આંખોવાળા હેન્ડસમ બૉય અર્શદ હજી થોડા સમય પહેલા માત્ર ચા ઉકાળતો કિટલી બોય હતો અને આજે રાતોરાત ફેમસ પાકિસ્તાની ચાયવાલા!

અર્શદખાનને ફેમસ કરવામાં પાકિસ્તાની ફોટોગ્રાફર જીયા અલીનો હાથ છે. ફોટોગ્રાફીનો શોખ ધરાવતી આ છોરી પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદના ઈતવાર બજારમાં ચાની કિટલીએ એક પ્યાલી ચા પીવા ગઈ, એની આંખો અને બ્યુટી જોઈને ચાની કિટલી ભરતો અર્શદ ક્લિક થઈ ગયો. અને એણે 'હોટ ટી' એવા ટાયટલ સાથે ઈન્સ્ટાગ્રામ પર ફોટો ચઢાવી દીધો... ફરિ કયા કહેના? અર્શદના ખુબસૂરત ચહેરા અને આંખોની નેટ પરની દુનિયા 'દિવાની મસ્તાની' થઈ ગઈ.

મીડિયાએ એને ગોતી કાઢ્યો. એના ઈન્ટરવ્યુ છપાયા. બીબીસીથી લઈ અમેરિકન રિપોર્ટરોને અર્શદમાં રસ પડ્યો. 'પાકિસ્તાની ચાયવાલા' કહીને અર્શદને એવો માથે ચઢાવ્યો કે રાતોરાત કોઈ એનો મીડિયા મેનેજર બન્યો તો કોઈ ફેસબુક, કોઈ એનો ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ ખોલીને બેઠો તો કોઈ વળી એને અંગ્રેજી નથી આવડતું એવું ખબર પડ્યા બાદ એના ટ્રાન્સલેટર બની ગયા. અર્શદના મામા રિઝવાન કાઝમી એનો સલાહકાર અને ફહીમ નામની વ્યક્તિ મીડિયા મેનેજર બની ફોન હેન્ડલ કરવા લાગ્યા.

> ઈક છોટીસી બાત કા કિતના અસર હો ગયા,
> ઈક મામુલી આદમી રાતોરાત ખબર હો ગયા!
> - વિપુલ બોરીસા

અને આમ અર્શદની કહાની દુનિયા સમક્ષ આવી. ૧૮ વર્ષના અર્શદના ૧૭ ભાઈ-બહેન છે. ઘરનો ચૂલો સળગાવવાના ફાંફા એટલે ચાની કીટલીએ ગોઠવાયો. અને નસીબ મહેરબાન થયાં એવો ફેમસ થયો કે યુરોપ, અમેરિકા અને દક્ષિણ એશિયાઈ દેશોમાંથી ફિલ્મની ઓફર્સ આવવા લાગી. અર્શદ નામનો પાકિસ્તાની ચાયવાળો હવે રાજકીય-સામાજિક ક્ષેત્રે સૌનો વહાલો થયો. (કિટલી ચા જેમ નરેન્દ્ર મોદી અને અર્શદને ફલી એવી તમને - અમને - સૌને ફળો એવી સત્યનારાયણ પ્રભુને ચરણે પ્રાર્થના)

Hello ફ્રેન્ડસ
સંજય થોરાત

પાકિસ્તાની અર્શદનું વાવાઝોડું ફુકાયું અને એ શાંત પડે ત્યાં નેપાલની એક કન્યાનું મોજું આવ્યું. ટામેટા વેચતી આ સુંદરી એક બ્રિજ પરથી પસાર થતી હતી અને એ ક્લિક થઈ અને એનું નામ પડ્યું 'નેપાલી તરકારીવાલી' ઝુલતા પુલ પરથી ટામેટાની મોટી ટોકરી પીઠ પર લોડ કરીને ચમકેલી 'નેપાલી તરકારીવાલી' એટલે કુસુમ શ્રેષ્ઠ. આ છોકરી પણ ઈન્સ્ટાગ્રામ પર આવી અને છવાઈ. અગિયારમાં ધોરણમાં ભણતી આ બ્યુટીફુલ ગર્લને પરિવારને મદદ કરવા શાકભાજી વેચવી પડે છે.

ચાયવાલાની જેમ જ તરકારીવાલી લેડી પ્રસિદ્ધિના રેકોર્ડબ્રેક કરી રહી છે, અલબત્ત ઈન્ટરનેટના માધ્યમથી જ. રાતોરાત પ્રસિદ્ધ થયેલા આ બંને જણાની પ્રસિદ્ધિ કાયમી ટખશે? કે આવી તો ભરતી અને ઓટ આવે અને જાય? નવા જમાનાની આ વાયરલ દુનિયાના મોજા પર સવાર વ્યક્તિના પરપોટા ટકશે કે ફુટશે? આ પ્રસિદ્ધિના ટ્રેન્ડમાં નક્કી શું હોય છે? શોધવા જેવું છે!

પાંચ વર્ષ પહેલા ધનુષબાણ પર સવાર થઈને 'વાય ધીસ કોલાવરી, કોલાવરી ડી...' આવ્યું હતું. ઈન્ટરનેટના બધાં રેકોર્ડ તોડતાં એ સર્વશ્રેષ્ઠ સાબિત થયું. એ ગીતમાં આમ તો ગતાગમ પડે એવું કશું જ નહોતું, કેટલાયને એના શબ્દોનો અર્થ પણ સમજાય એમ નહોતા અને છતાંય